॥ શ્રી પરમાત્મને નમઃ ॥

—મફત—

સ્ત્રી સાહિત્ય વાંચનમાળા.

મણકો ૨ જો.

સીતાનો સંદેશો

લેખક,– સી. ટી. શાહ

પ્રકાશકઃ મોહનલાલ ભોગીલાલ શાહ
સદર,–કરાચી.

પ્રત ૧૦૦૦ આવૃત્તિ પહેલી

સન ૧૯૧૬ જુલાઇ

હિતેચ્છુ પ્રેસમાં હ. વા. ઠાકરે છાપ્યું—કરાચી.

ગુજરાતી પ્રત્યેક જુવાન સંસારી સ્ત્રી પુરૂષે મનન કરવા યોગ્ય

નવ દંપતીને શીખામણ

નવાં પરણેલાં અથવા જુવાન સ્ત્રી પુરૂષે આહાર વિહાર ની અનિયમિતતાથી કમતાકાતના પ્રદર, નબળાઇ, હીસ્ટીરીયા વિગેરે અનેક રોગોનો ભોગ થઇ પડે છે તેઓ જો આ પુસ્તક વાંચીને શીખામણ લે તો સંસારમાં આરોગ્ય અને સંતાનનું સુખ પ્રાપ્ત કર્યા વીના રહે નહિ રોગો અટકાવ વાના ઉપાયો અને રોગો થયા પછીનાં ઓષધો, બાળકોના રોગો અને માવજત તથા અહાર વિહારની સ્પષ્ટ સમજણ વાળો એવો ગ્રંથ ગુજરાતી ભાષામાં આ પહેલ વહેલોજ બહાર પડયો છે કીંમત રૂા. ૧ા પોષ્ટેજ વધારે પૃષ્ટ ૩૦૦ પાકું સોનેરી પુંઠું.

મળવાનું ઠેકાણું:—

દલીચંદ સૌભાગ્યચંદ શાહ
રણછોડ લાઇન,—કરાચી.

બે બોલ

બ્હેનો,

આજે સ્ત્રી સાહિત્ય વાંચન માળાનો બીજો મણકો આપની સેવામાં રજુ કરવામાં આવે છે. આજથી ત્રણ વર્ષ પહેલાં મ્હારા મુંબઈના વસવાટ સમયે "પતિ વશ કરવાની વીધી" એ નામનો પહેલો મણકો મેં બહાર પાડયો હતો તે વખતેજ મેં બીજા મણકાઓ બહાર પાડવાનું જાહેર વચન આપ્યા છતાં કેટલાંક અનિવાર્ય કારણથી ત્રણ વરસના લાંબા સમય સુધીમાં એક પણ મણકો બહાર પાડી શકયો ન્હોતો તેને માટે ક્ષમા યાચી, આજે બીજો મણકો બહાર પાડવાનો જે સુપ્રસંગ મળ્યો છે તેને માટે પરમાત્માનો ઉપકાર માની મ્હારે આ સંબંધમાં જે કાંઈક કહેવાનું અવશેષ છે તેજ કહું છું.

મ્હારા અત્યાર સુધીના અવ્યવસ્થિત જીવન દરમ્યાન સ્ત્રી વર્ગને માટે એક મફત સીરીઝ બહાર પડે તો સારૂં

એવી ભાવના હર હમેશ રહ્યા કરતી હતી તે દરમ્યાન મ્હારા સ્નેહિ મી. એમ. બી. શાહને આ વાત જણાવતાં તેણે આ કાર્ય ઉપાડી લેવાને ખુશી બતાવી અને તેના પરિણામે આજે આ બીજો મણકો બહાર પડી શકયો છે.

આ વાંચનમાળા ફકત ટપાલ ખર્ચના ૭ આના લઇ દરેકને મફત પુરી પાડવામાં આવશે, તો આશા છે કે ઉદાર દિલના સખી ગ્રહસ્થો આ સીરીઝને યોગ્ય મદદ આપી પોતાનો ઉદાર હાથ લંબાવશે.

આ સીરીઝના મણકા હવેથી દર મહિને નીયમિત રીતે બહાર પડયાજ કરશે, હવે પછીનો મણકો સચિત્ર બહાર પડે એવી અમારી ભાવના છે.

લેખક.

સી૦ ટી૦ શાહ.

સ્ત્રી સાહિત્ય વાંચનમાળા

મણકો ૨ જો

સીતાનો-સંદેશો.

(લેખક: ચતુરભાઈ તારાચંદ શાહ)

બપોરના બાર વાગી ગયા છે. પુરૂષો વ્યાપાર કે નોકરી અર્થે બહાર નીકળી પડયા છે. સ્ત્રીઓ ગૃહ કાર્યથી પરવારી આડોશી પાડોશીને ત્યાં ગપ્પા મારવા અને મારી તારી કરવા ભેગી મળેલી છે, આ વખતે સુશીલા નામની એક યુવાન સ્ત્રી પોતાના ગૃહમાં બેઠી બેઠી પુસ્તક વાંચતી નજરે પડે છે. તેટલામાં સંગીતા નામની એક સ્ત્રી ત્યાં આવી પહોંચી.

સંગીતા—કેમ બ્હેન સુશીલા શું કરો છો? તમેતો બસ નવરા પડો છો કે વાંચ, વાંચજ કર્યા કરો છો, બચ્યું બે ઘડી બહાર આવી આડોશી પાડોશી સાથે બેસીએ, વાતો કરીએ, આમ એકલ પેટા રહેવાનું તમને કેમ ગમે છે? ઘડીક ઘડીક બધાની સાથે બેશીએ તો કેવું સારૂં દેખાય?

સુશીલા—બ્હેન, તમારી વાત ખરી છે, હા ? જ્યાં બેસવાથી આપણને લાભ થાય, આપણને કાંઇક શીખામણ મળે અરે એટલુંજ નહિ પણ આપણને આપણા સ્ત્રી ધર્મનો યોગ્ય ઉપદેશ મળે ત્યાં બેસવું, તેની સાથે હળી મળીને ચાલવું એ હું પણ સ્વીકારૂં છું. પણ અહિંતો બે જણી ઓ ભેગી થાય છે કે કુથલી ઉપડીજ છે, કહેવત છે કે "ચાર મળે ચોટલો તો એકનો ભાંગે ઓટલો" તે પ્રમાણે આપણી સ્ત્રીઓ ભેગી થઇને બસ સાચા ખોટા ગપ્પા મારીને દિવસો પુરા કરે છે, સ્વામી આવશે, રસોઇ તઇયાર થઇ નથી, દાણા દુણી સાફ કરવાના છે, ઘરની યોગ્ય વ્યવસ્થા એટલે રાચરચીલું આજે સાફ કરવાનું છે એવી કાળજી પણ જેને હોતી નથી જેની અયોગ્ય વર્તણુંકથી પુરૂષો પણ કંટાળી જાય છે અને સ્ત્રીઓને માટે હલકો મત બાંધીને રગશીયા ગાડાની માફક સંસાર ચલાવે છે. એવી સ્ત્રીઓ પાસે બેસવાથી શું સાર્થક થવાનું છે. આજે તારી નીંદા તો કાલે મારી નીંદા એમ એક પછી એક જ્યાં મહાભારત ઉકેલાતું હોય ત્યાં બેસવું એ સ્ત્રીઓના ધર્મથી તદન વિરૂદ્ધ છે. માટે તેના કરતાં તો આવા ઉત્તમ પુસ્તકો વાંચવા સારાં કે જેથી આપણને સદબોધ મળે, આપણું જીવન રસમય થાય આપણી ઉપર પુરૂષ વર્ગના પડતા પ્રહારોથી બચી

શકાય. તો બ્હેન, કહે જોઇએ વારૂ ત્યાં બેસવું સારૂં કે એ-
કલા બેશી પુસ્તક વાંચવા એ સારૂ.

સંગીતા—બ્હેન જો તમે કહો છો તેમજ સ્ત્રીઓની દશા હોય તો તો પછી ઉત્તમ પુસ્તકો વાંચવાં એજ સારાછે જુવોને તે દિવસે તમે મને "પતિ વશ કરવાની ચાવી બતાવી હતી. તેથી મારો સંસાર અત્યારે કેટલો બધો સુધરી ગયેલ છે. આ બધું તમે ઉત્તમ પુસ્તકો વાંચ્યા તેથીજ સમજી શકયા છો. એમ હું સારી રીતે સમજું છું. હું પણ આજથી ત્યાં નહિં બેસવાની પ્રતિજ્ઞા કરૂં છુ. ભલે આપણી નીંદા કરે કે વખોડે પરંતુ તે તરફ દરકાર નહિ રાખતાં હું તો તમારી પાસે આવીનેજ બેસીશ. અને ઉત્તમ પુસ્તકોનો સારાંશ સમજીશ જોકે મારા કમ નશીબે મને વાંચતાં નથી આવડતું એટલે આપને તસ્દી આપવી પડશે પરંતુ બ્હેન તેથી આપને પુન્ય કેટલું થશે.

સુશીલા—નહિ, બ્હેન તમેતો મારા બેન પણી છો એટલે મ્હારી ફરજ છે કે તમને યોગ્ય રસ્તો બતાવવો. બીજી કોઇ અજ્ઞાની સ્ત્રીઓ આવેને તો પણ તેને યોગ્ય શીખામણ આપી રસ્તે ચડાવવી એ આપણું કર્તવ્ય છે અને તેને માટે આજે રાત્રે મેં હેલી સીતા પાસે ભિષ્મ પ્રતિજ્ઞા પણ કરી છે.

સંગીતા—એ શું વળી દેવી સીતા પાસે ભિષ્મપ્રતિજ્ઞા! આમાં તે. હું કાંઇ પણ ન સમજી બહેન, તેમાં કાંઇક નવું જાણવાનું હશે એમ મને સમજાય છે માટે કૃપા કરી રાત્રે શું બન્યું તે જરા કહેશો તો હું આપનો ઉપકાર માનીશ.

સુશીલા—એમાં શું ? હું તને કહેવાનીજ હતી, જો સાંભળ.

આજ ચાર દીવસ થયા તારા બનેવી કાંઇ અગત્યના કારણસર પુને ગયા છે તેથી હું એકલી હોવાથી મોડી રાત સુધી પુસ્તકો વાંચું છું અને નિદ્રા આવતાં સુઇ જાઉં છું આઇ કાલે રાત્રે રામાયણ વાંચતી હતી અને સતી સીતાનું રાવણ હરણ કરી ગયો ત્યાં તેને અનેક રીતે રીબાવી મુંઝાવી છતાં રાવણને તાબે નહિ થતાં રામ પ્રત્યે તેનો કેવો અપ્રતિમ પ્રેમ અસ્ખલીતરીતે ઝર્યા કરતો હતો, ત્યાર બાદ સીતાને ધોબી વચન પર વિશ્વાસ રાખી વનમાં કાઢી મુકી હતી છતાં એક પળ પણ પોતાના સ્વામી રામને વિસરી નહોતી મુખે બસ રામ નામનીજ માળા જપતી હતી. અહા, કેવી તેની અપ્રિતમ સ્વામી ભકિત ! ખરે ખર એ પ્રકરણો વાંચી રહ્યા પછી હું હાલની સ્ત્રીઓની દશા ઉપર વિચાર કરતી કરતી પથારીમાં પડી હતી અને આધુનીક સ્ત્રીઓની સ્થિતિ પર સખેદ આંસુ ઢાળતી હતી.

એટલામાં મારી નજરે એક પ્રકાશ પડયો, હું તો ગભરાઇ ગઇ અને બીવા લાગી, એટલામાં અંતરિક્ષથી અવાજ આવ્યો કે પુત્રી ગભરાઇશ નહિ તેં મને તારા હૃદયમાં જે ધારણ કરેલી છે જેની સાથે તું આધુનિક સ્થિતિનું સરખાપણું કરે છે તેજ દેવી સીતા હું આજ તારી પાસે સ્વર્ગમાંથી કાંઇક સંદેશો કહેવા આવી છું બહેન સંગીતા આવી રીતે અદ્રશ્ય વાણી થતાં તુરતજ મહા માયા જગતવંદ્ય દેવી સીતા મારી સામે આવી ઉભાં રહ્યાં તેનું તેજ તેની લાવણ્યતા જોઇ હું તો વિસ્મયજ થઇ ગઇ તો પણ હિમત રાખી તેના પગમાં મેં મારૂં મસ્તક નમાવ્યું કે તુરતજ દેવી મારા મસ્તક ઉપર હાથ મુકી મને આશીર્વાદ આપતાં બોલ્યાં કેઃ—

પુત્રી ગભરાઇશ નહિ, આજ હું તારા પર પ્રસન્ન થઇ છું મારે તને જે કહેવાનું છે તે પછી કહીશ પરંતુ પ્રથમ તારા હૃદયમાં અત્યારે જે વિચારો ઘોળાયા કરે છે તે મને કહે પછી શંકાને દૂર કરીશ.

બહેન સંગીતા—દેવીનાં આ અમૃત મય વચનો સાંભળી હું તો સ્થંભીજ ગઇ. શું બોલવું તે પણ કાંઇ ન સુઝયું તો પણ દેવીના પ્રસાદથી હું કાંઇક બોલવા લાગી એમ મને જણાયું મહા દેવી આપ અંતર્યામી છો ભુત ભવિષ્ય જાણનાર છો તેથી મારા હૃદયની વાત આપ સારી

રીતે સમજી શકો છો. તો પણ આપ જ્યારે કહો છો ત્યારે સાંભળો.

હે દેવી, આપની અમે પુત્રીઓ આજ કેટલી બધી અજ્ઞાનતામાં ઘુમીએ છીએ અરે એટલુંજ નહિ પણ અમારી અત્યારે એટલી બધી અધમ દશા આવી પડી છે કે બસ વાતજ કરતાં મારાં રોમે રોમ ખડાં થઈ જાય છે. ક્યાં તમારી પતિ ભકિત અને ક્યાં હાલની સ્ત્રીઓની સ્થિતિ ? સ્વામી પ્રત્યેનો તમારો શુદ્ધ સાત્વીક પ્રેમ અને હાલમાં અમારો ખોટો સ્નેહ અરે એટલુંજ નહિ પણ સ્વામી સેવા એજ સ્ત્રીઓને મોક્ષે જવાની બારી છે, તેમ જાણી આપે સહન કરેલું કષ્ટ, આપે રાવણ જેવા રાક્ષસી નરપિશાચના સાંભળેલા અસહ્ય શબ્દ પ્રહાર છતાં પણ આપના હૃદયમાંથી સ્વામી સેવાનો અંશ પણ ઓછો નહિ થતાં બલકે સ્વામી રામ ઉપર અત્યંત પ્રેમ ભાવના થઈ હતી. તેજ તમે માતા ! તેની અમે પુત્રીઓ આજે સ્વામીને ગણકારતી નથી, સ્વામી સેવાનો મહા મંત્ર સમજતી નથી, સુધારાના ખોટા ડોળમાં તણાઇ સ્ત્રીઓના ખરા ધર્મનો અમે ત્યાગ કર્યો છે, પ્રેમને અમે સ્નેહના રૂપમાં ઉતાર્યો છે. સ્વામીનો સ્નેહ ઓછો થતાં અથવા તો સ્વામી તરફથી અમને સેજ અપમાન થતાં સ્વામીને અમારા પીયરમાં સહીયરો અને સંબંધી વર્ગમાં વગોવી હલકા પાડી નાખીએ છીએ.

અમારી કેળવણી ધર્મ વિનાની શુષ્ક વધવા લાગી, વિદ્વાનોએ અમને કેળવણી આપવા માટે લાંબા લાંબા લેક્ચરો કરી, લેખો લખી, સ્કુલો સ્થાપવા લાગ્યા અને સ્ત્રી શીક્ષણની આવશ્યકતા સ્વીકારવા લાગ્યા, છતાં હે દેવી, અમારી નીતિ રીતિ સુધરી નહિ પણ ઉલટી બગડવા લાગી. અમે વિધવા વિવાહ, પુનર્વિવાહ વિગેરેને સ્વીકારવા લાગી સ્વામીના સરખા હકો માગવા લાગી એટલુંજ નહિ પણ અમારી રહેણી કરણી એવી તો હલકી થવા લાગી કે એક વેશ્યાના પહેરવેશમાં અને અમારામાં બીલકુલ તફાવત ન રહયો. અહા જે કેળવણીથી આપ જેવાં સ્ત્રી રત્નો આ આર્ય ભુમિમાં ઉત્પન્ન થઇ આર્ય દેશની કીર્તિ દિગ દીગાન્તર વિસ્તારી દીધી. તે કેળવણી અમને સ્વપ્નમાં પણ મળતી નથી પરંતુ અત્યારે અમને જે કેળવણી મળે છે તેનાથી અમે અમારા ધર્મને હારી બેઠા છીએ. આ બધું પરિણામ નીતિથી ભરપુર કેળવણી વિનાની શુષ્ક કેળવણીનાજ પ્રતાપ હું તો સમજું છું. તો પણ હવે અમારા કેટલાક બંધુઓ સ્ત્રી કેળવણીને માટે યોગ્ય પોકાર કરી રહ્યા છે પરંતુ તે તરફ લોકોનું લક્ષ દોડતાં હજુ ઘણી વાર થશે. હે મહા માયા તમારી અમે પુત્રીઓ તેની આવી સ્થિતિ જોઇ તમને કાંઇ પણ દયા નથી આવતી ? તમારી અજ્ઞાન પુત્રીઓની અધોગતિ જોઇ તમને કાંઇ પણ થતું નથી, પુરૂષો તરફથી

પડતા અમને અસહ્ય શબ્દ પ્રહાર કે જે અમને એક ગુલા મડી નોકરડી અને ચાકરડી સમજી સંસાર વ્યહવારમાં બીલકુલ ડોકીયું સરખું પણ કરવા દેતાં નથી. આ શું અમારી ઓછી દયા જનક સ્થિતિ છે.

માતા ! કહેવાનું ઘણું છે પરંતુ હવે મારૂં હૃદય ભરાઇ આવે છે માટે અમારી સ્થિતિ સુધરે એવું કાંઈક કરો અરે આપની અમી નજર હવે થોડો વખત અમારા તરફ ફેંકો કે જેથી અમે પણ આપનાં જેવાં થઇ આપની પુત્રી તરીકેનું અમર નામ પ્રાપ્ત કરીએ કહો.... કહો ! દેવી આજ કાંઇક ઉપાય બતાવો.

બહેન સંગીતા—આ પ્રમાણે બોલી હું દેવીના પગમાં પડી ગઇ દેવીએ મને ઉઠાડી આશ્વાસન આપી આ પ્રમાણે કહેવા લાગ્યાં.

પુત્રી સુશીલા—સાંભળ આજે ભારત વર્ષની મારી પુત્રીઓને હું તારા મારફત એક સંદેશો કહેવડાવવા ધારૂં છું. માટે તું તે બાબતની અત્યારે ભીષ્મ પ્રતિજ્ઞા કર કે હું ગમે તેવા સંકટમાં આવું, મારૂં ગમે તે થાય છતાં પણ હું મારી તે પ્રતિજ્ઞા પુરી કરીશ હું તને વારંવાર મદદ આપતી રહીશ બોલ તું શું કહે છે.

દેવી—આપ જ્યારે મદદ આપવા તૈયાર છો તો પછી આપની આ દીન બાલીકા આજથી ભીષ્મ પ્રતિજ્ઞા

કરે છે કે હું તે સંદેશો પહોંચાડીશ. મારૂં ગમે તે થાઓ તન મન અને ધનની પાયમાલી થાય તો પણ હું તે પ્રતિજ્ઞા સફળ કરીશજ. તો હે દિન દયાળ મહા માયા દેવી કહો કહો આપનો તે સંદેશો શું છે.

દેવી સીતાનો સંદેશો

પુત્રી—સાંભળ.

અધુના ત્હમારી આવી અધમદશા જોઇ ખરેખર ખેદ ઉત્પન્ન થાય છે તો—હે—પુત્રી તું નીચેનો સંદેશો ભારત વર્ષની ભગીનીઓને સંભળાવજે.

ત્હમારો ધર્મ, ત્હમારૂં જીવન, અને તમારો સંસાર, આવી અધોગતિએ પહોંચ્યા છતાં, શું તમને જરાપણ શરમ નથી આવતી? જે ભારતભુમી ઉત્તમ સ્ત્રી રત્નોના પાકથી એક વખત "રત્નગર્ભા" કહેવાઇ ગઇ છે તે ભારત ભુમિની પુત્રીઓની આજકાલની રહેણી કહેણી ઉપર પાશ્ચાત્ય લોકોને હસવું આવે છે. આ શું ઓછા ખેદની વાત છે. તમે જરા તમારી પુર્વે થઇ ગએલી માતાઓ કે જેમાં હું પણ આવી જાઉં છું તે તરફ નજર કરો. અરે ખ્યાલ કરો, તમે ઘણી વખત રામાયણ, મહાભારત, વિગેરે ઉત્તમ ગ્રંથો વાંચ્યા હશે સાંભળ્યા હશે તો તેમાં

[illegible] અમારા જીવન તરફ જરાપણ દ્રષ્ટિ દોડાવી છે! કદીપણ તેના ચારિત્ર્ય સાથે તમારી કંઇ પણ સરખામણી કરી છે? તેના જેવા થવા પ્રયત્ન પણ સેવ્યો છે? અરે વીરરમણીઓ? ત્હમારૂં ગૌરવ ક્યાં ગયું! ત્હમારી તીવ્ર બુદ્ધિ બ્હેર કેમ મારી ગઇ છે? તે તરફ નજર દોડાવી સારા સાર ગ્રહણ કરતાં શીખો. હા! તમારી અધોગતિ થવાના કારણ ભુત પુરૂષો પણ ગણી શકાય ત્હમને યોગ્ય કેળવણી આપતા તેઓ અટકી પડ્યા, અને પ્રકાશમાંથી અંધકારમાં ત્હમારૂં જીવન હોમી દીધું, અને એટલુંજ નહિ પણ તે અંધકારમાંથી વિશેષ અજ્ઞાનતામાં તમે દોરાવા લાગ્યાં છતાં પુરૂષ વર્ગે તે તરફ બીલકુલ દ્રષ્ટિ સરખી પણ દોડાવી નહિ અને તેથી ત્હેને પણ ત્હમારી અજ્ઞાનતાને લીધે જે સહન કરવું પડે છે તે સહુ ધ્યાનમાં છે.

પૃથ્વી ઉપરના મ્હારા સહવાસ અને જીવન પછી પણ ઘણી સ્ત્રીઓ મ્હારા જેવીજ ઉત્પન્ન થઇ અને અનેક દુઃખો સહન કરી છેવટે ન્હુરા પદને તેઓ પ્રાપ્ત કરી શકી છે. દ્રૌપદી, તારામતી, દમયંતી સાવિત્રી નર્મદા લોપામુદ્રા વિગેરે સતિઓની કીર્તી આજ પણ ગવાય છે. આ બધાનું પરિણામ તેઓની અપ્રતિમ સ્વાર્થ સેવાજ છે ત્યારબાદ કાળેકરી દિવસે દિવસે ત્હમારી અધોગતિની શરૂઆત થઇ પરંતુ તેમાંએ ઘણી વીર વીરાંગનાઓ થઇ ગઇ પરંતુ [illegible]

સ્વામી સામ્રાજ્ય સ્થાપન થતાં ત્હમારા ઉપર અત્યાચાર અને જુલમ થવા લાગ્યો તેથી તમને પુરૂષો ઓજલમાં રાખવા લાગ્યા અને ન્હાની વયમાં પરણાવી સાસરે મોકલી દેવાની પ્રથા સ્વીકારતા થયા. પરંતુ તે સમય નાબુદ થતાં મહારાણી વિક્ટોરીયાનું શહેનશાહી રાજ્ય હિંદમાં સ્થાપન થયું અને સર્વત્ર શાંતિ શાંતિ ફેલાઈ રહી. તેવા સમયમાં સ્ત્રી કેળવણીના ઉત્સાહી બંધુઓ તેને માટે હિલચાલ કરવા લાગ્યા અને તેને મહારાણીશ્રીએ સરળતા કરી આપી. પરંતુ સ્ત્રીઓને કેવું શીક્ષણ આપવું જોઇએ તે બાબત બીલકુલ લક્ષ અપાયું નહિ તેથી જે શીક્ષણ બાળકો માટે યોજાએલું હતું તેજ તમને મળવા લાગ્યું. આથી ત્હમને જોઈએ તેટલો ફાયદો થયો નહિ. વળી કેટલાકો તો સ્ત્રી કેળવણીને ધીકારવા લાગ્યા અને પોતાની પુત્રીઓને સ્કુલમાં મોકલવાને માટે અંતરાય કરવા લાગ્યા. આવો વર્ગ મોટો હોવાથી તેનું પરિણામ એ આવ્યું કે સ્ત્રીઓનો મોટો ભાગ અજ્ઞાન પશુ જેવો રહ્યો. સંસાર શું ચીજ છે, સ્વામી સેવા શું સુખ આપે છે, પ્રેમ કેવી અજબ વસ્તુ છે, ગ્રહ વ્યવસ્થા કેમ ચલાવવી તે વિગેરેથી તેઓ અજ્ઞાન રહી અને તેના પરિણામે આજે ત્હમારા સંસારનું સત્યાનાશ વળી ગયું છે.

સંસારને સ્વર્ગમય બનાવવો એ સ્ત્રીઓનુંજ કર્તવ્ય છે તો પુત્રી સાંભળ આજકાલ અર્ધદગ્ધ સ્ત્રીઓ સુધારાના

છંદમાં ચડી જે પાયમાલી કરી રહી છે, તે પ્રત્યે મને ઘણું લાગી આવે છે અને જે દિશાએ બીલકુલ જવાનું નથી તે તરફ ઘણા સ્નેહથી જવાને પ્રયાણ કરી રહી છે, તેને મારો આ સંદેશો જણાવજે કે હે અજ્ઞાન સ્ત્રીઓ ? ત્હમે ત્હમારા મનમાં એમજ સમજો છો કે આજકાલ ચાલતા સુધારાને સ્વીકારી અમે અમારો ધર્મ બજાવીએ છીએ પણ તેમાં તમે મોટી ભુલ કરો છો. તમારો સુધારો ઢમઢોલ ને માંહે પોલ જેવો છે ઉપરથી સતિ પણાનો ખોટો ડોળ બતાવી અંદર ખાનેથી પાતરનું કામ કરવું એ શું સુધારો કહેવાય કે ? માટે બ્હેનો સમજો તમારાં પુર્વજો તરફ નજર કરો અને ખરા સુધારાને પકડી તમારૂં જીવન સંસ્કારી બનાવો. ત્હમારો પહેરવેશ જુઓ તો એક હલકી વેશ્યા કરતાં પણ આછકલો થઇ ગયો, દિવસે દિવસે ત્હમારૂં સ્વાસ્થ્ય પણ બગડતું ગયું. અને તેથી ત્હમારી પ્રજા અત્યારે નિર્માલ્ય પેદા થવા લાગી. કેળવણીનું ખરૂં તત્વ શોધી કહાડો પુરૂષો તરફથી થતો યોગ્ય અન્યાય અટકાવવાનો પ્રયત્ન કરો, ખોટા સુધારાને તિલાંજલી આપી ત્હમારો ખરો સુધારો દાખલ કરો, ત્હમારી થતી અધોગતિ અટકાવો, આજકાલ ત્હમને યોગ્ય દિશામાં દોરવાના જે જે પ્રયત્નો થવા લાગ્યા છે તે તરફ ત્હમારી દ્રષ્ટિ દોડાવો અને ત્હેને યોગ્ય ન્યાય આપો કે જેથી થોડાજ

સમયમાં ત્હમારૂં જીવન અપુર્વ બની જશે. હાલ પણ કેટલીક સ્રીઓ ઘણીજ સુશીલ અને ધર્મ પરાયણ છે. પરંતુ સુધરેલી સ્રીઓ તેના ઉપદેશ તરફ ખ્યાલ નહિ આપતા ઉલટી હાંસી કરે છે. તો તેમ ન થવા મારો ખાસ સંદેશો છે. સ્વર્ગવાસી જમનાબાઈ તમારે માટે થોડું નથી કરી ગયા. છેલા વરસોમાં તમારે માટે તેણે જે ભોગ આપ્યો છે તે તરફ દરેક બ્હેનોએ લક્ષ દોડાવવાની જરૂર છે તેમના સ્વર્ગવાસથીજ મ્હને માલુમ પડયું છે કે ભારત વર્ષની સ્રીઓ આવી અધમ દશાને પ્રાપ્ત થઇ છે. પુત્રી સુશીલા? આજ તો મ્હારો સંદેશો આટલેથી અટકાવું છું અને ત્હને અંતરિક્ષથી જે જે સુચના કરૂં તે માટે તું તઈયાર થઈ રહેજે અને ત્હારી અજ્ઞાન બ્હેનોને સુધારવા માટે તત્પર થજે. ત્હારા સ્વામી ત્હને આ કાર્યમાં અવશ્ય મદદ કરશે. પુત્રી કહેવાનું ઘણું છે, આતો માત્ર ઉપર ચોટીયું ત્હને કહી સંભળાવ્યું પરંતુ હવે પછી જે જે સંદેશાઓ મોકલીશ તે દરેક તારે અને તારી બ્હેનોને ઉપયોગી થશે અને તે હું સ્રી સાહિત્ય વાંચનમાળા મારફત બહાર પડાવીશ માટે દરેકે તે વાંચવા લક્ષ આપવું. જો હવે સમય ઘણો થયો છે માટે જાઉં છું. પુત્રી તારૂં કલ્યાણ થાઓ."

બ્હેન સંગીતા, દેવી આ પ્રમાણે કહીને અંતર્ધ્યાન થઇ ગયા કહે બ્હેનો કેવું સરસ સ્વપ્નું? જો હવે મેં પ્રતિજ્ઞા


કરી છે. મ્હાટે આજથી હું સ્ત્રીઓને સુધારવા મહાન પ્રયત્ન સેવીશ.

સંગીતા—વાહ બ્હેન વાહ ત્હમે પણ એક દેવીના અવતાર છો હો વારૂ? જે જે યોજના આપ ઘડી કાઢો તે આ દિન ભગીનીને સંભળાવજો, ક્યો હવે વખત ઘણો થઇ ગયો છે માટે રજા લઇશ તસ્દી માફ કરજો હો બ્હેન.

એમ કહી સંગીતા પોતાને ઘેર ગઇ, સુશીલા કાર્યમાં ગુંથાઇ ગઇ.

વાંચનાર હવે ત્રીજા મણુકામાં કાંઇક નવિન મ્સજ આવશે માટે તે વાંચવા બ્હાર જોજો હું તો શુભાશિષ.

ઇતિશમ્



શ્રી સાહિત્ય વાંચનમાળા

મણકો ૧ લો

પતિ પ્રસન્ન કરવાની વિધિ

હાલ અમારી ઓફીસમાં એક પણ નકલ સીલીકમાં નથી. તેથી તેની બીજી આવૃતિ છપાવી શરૂ કરી છે તો બહાર પડેથી દરેક ગ્રાહકને મોકલવામાં આવશે.–

વિશ્વાસ પાત્ર જાહેર ખબર

દરેક બ્હેનો અને બંધુઓને અમે ખાસ ભલામણ કરીએ છીએ કે, આજકાલ ઘણી ઘણી જાતની દવા, તેલો, અતરો અને એવી બીજી ચીજો નીકળી છે કે કઇ ચીજ ઉપર વિશ્વાસ રાખવો એ વિચાર થઇ પડે છે. તેથી અમે ખાસ સગવડ કરી છે કે અમારી આ સીરીઝમાં જે જે જાહેર ખબર આવશે તે વિશ્વાસ પાત્ર આવશે તે ધ્યાનમાં રાખવું કારણ કે, અમારી સીરીઝમાં જે જાહેર ખબર આવશે તે પહેલાં અમે તે ચીજની ખાતરી કરાવીનેજ દાખલ કરશું માટે દરેક બ્હેનોએ અમારી સીરીઝની જા. ખ. ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખવો અગર તમને કોઇ પણ દવા, તેલ કે બીજી વસ્તુ જોઇએ તો અમારી મારફત મંગાવશો તો ઘણોજ ફાયદો થશે.

મેનેજર

શ્રી સાહિત્ય કાર્યાલય

ઠે. ઇન્ડીઅન એજન્સી,—કેમ્પ કરાચી.